# ઢોલીડાના ધબકારે, ઘૂમર ઘૂમર ગરબે ઘૂમતા, માડી તારા આંગણિયે, આજ સૌ ઝૂમતા.



નવશક્તિ, સમા



અડુકિયો-દડુકિયો, કારેલીબાગ



શિશિ ગરબા, સુભાનપુરા



બહુચરાજી મંદિર, કારેલીબાગ



આદ્યશક્તિ, આજવા રોડ

## દુર્ગા પૂજામાં મુખ્ય સચિવ મનોજ દાસે આરતી કરી



બિહાર સાંસ્કૃતિક મંડળ દ્વારા આયોજિત દુર્ગા પૂજા મહોત્સવ-2026માં અષ્ટમીના પાવન અવસરે ભક્તિભાવ સાથે મા દુર્ગાની આરાધના કરવામાં આવી હતી. ગુજરાતના મુખ્ય સચિવ મનોજ દાસે વિશેષ ઉપસ્થિતિમાં પૂજા-અર્ચના કરી આરતીમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે ધાર્મિક ઉજવણીની સાથે માનવસેવાના હેતુથી રક્તદાન શિબિર અને વિશાળ ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ કાર્યક્રમમાં સહભાગી બની માતાજીનાં દર્શનનો લાભ લીધો હતો. મંડળના સંયોજક ડી.એન. ઠાકોર, મહાસચિવ વિધાન ઝા, વિમલ તિવારી, પંકજ ઝા, વિકાસ ઝા સહિત હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. મહોત્સવમાં ધાર્મિક આસ્થા, સામાજિક સેવા અને એકતાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## કેનેડાનો પ્રવાસ પૂર્ણ કરી વ્રજરાજકુમાર વડોદરા પધાર્યા



વૈષ્ણવાચાર્ય પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીએ કેનેડાનો 22 દિવસનો આધ્યાત્મિક પ્રવાસ પૂર્ણ કરી વડોદરા આગમન કર્યું હતું. પ્રવાસ દરમિયાન ટોરોન્ટો સહિત વિવિધ શહેરોમાં પુષ્ટિમાર્ગીય સત્સંગ, ધાર્મિક કાર્યક્રમો અને 'લાઈફ બ્લિસ ચક્ર બેલેન્સિંગ મેડિટેશન'નું આયોજન થયું હતું. ટોરોન્ટોના VYO કૃષ્ણધામ બાદ હવે એડમન્ટનમાં VYOના બીજા મંદિરના નિર્માણની જાહેરાત કરવામાં આવી હતી. પ્રવાસ દરમિયાન વૈષ્ણવોને શ્રીકૃષ્ણ ભક્તિ, ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિક જીવનમૂલ્યો અંગે માર્ગદર્શન અપાયું હતું. વડોદરામાં ટૂંકા રોકાણ બાદ પૂજ્યશ્રી 21 ઓક્ટોબરે ઓસ્ટ્રેલિયાના સિડની જવા પ્રસ્થાન કરશે.

## લાયન્સ ક્લબ દ્વારા લાભાર્થે ગરબા મહોત્સવ યોજાશે

લાયન્સ ક્લબ ઓફ ડિસ્ટ્રીક 32 32 એફ વન દ્વારા આંખની લાયન્સ હોસ્પિટલ લાભાર્થ 20 મી ઓક્ટોબર સાંજના6-30 કલાકે સત્યનારાયણ પાર્ટી પ્લોટ ગોત્રી રોડ ખાતે ગરબાનું સુંદર આયોજન કરવામાં આવેલ છે આ અંગે વધુ માહિતી આપતા લાયન્સ ક્લબના ડિસ્ટ્રીક ગવર્નર અશોકભાઈ જૈન ,P.D.G. રમેશભાઈ પ્રજાપતિ, પ્રવીણભાઈ છાજડે જણાવ્યું છે કે ગરબામાં મુખ્ય આકર્ષક મુંબઈ ની સ્પેશિયલ ચેમ્પિયન ઓફ ચેમ્પિયન બહેનો ખાસ ઉપસ્થિત રહેવાની છે. ઉપરાંત હોસ્પિટલના અનેક દાતાઓ પરિવારજનો ખાસ ઉપસ્થિત રહેનાર હોવાનું જણાવેલ છે અને સામૂહિક રીતે મહા આરતીનો પણ કાર્યક્રમ રાખેલ છે ,સમગ્ર કાર્યક્રમનું આયોજન શશીકાંત પરીખ પરિમલ પટેલ હરીશ દેસાઈ નરેશ પટેલ,વિગેરે સમગ્ર લાયન્સ ક્લબ ટીમ દ્વારા ગરબા રસિકોને ગરબે ઘૂમવા લાયન્સ ક્લબ દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવેલ છે.

## શાળાના ગરબામાં જૈનમ ભટ્ટને બેસ્ટ ડ્રેસનો પુરસ્કાર




શ્રી શ્રેય સાર્થક સ્કુલ - અલક મલક કિડ્સ પરિવાર ચાર રસ્તા દ્વારા શનિવારના રોજ શાળાના બાળકો માટે ગરબાનું આયોજન રુકમણી પાર્ટી પ્લોટમાં કરવામાં આવ્યું હતું જેમાં તમામ 1 થી ૯ ધોરણ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સાંજે ૫ થી ૯ સુધી શાળાના બાળકોએ ગરબાનો આનંદ માન્યો અને અંતે શાળા સંચાલક મંડળ દ્વારા બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં ધો. 4 ગુજરાતી મીડીયમમાં અભ્યાસ કરતો જૈનમ સમીર ભટ્ટ ને બેસ્ટ ટ્રેડીશનલ ડ્રેસ બદલ દ્વિતીય નંબર સાથે ગીફ્ટ વિતરણ કરવામાં આવ્યું હતું. અંતે તમામ વિદ્યાર્થીઓએ સહલા સંચાલક મંડળનો આભાર માન્યો હતો અને ગરબાનો આનંદ માણ્યો હતો.

## શિવમ વિદ્યાલયમાં નવલી નવરાત્રિ પર્વની ભવ્ય ઉજવણી



માંજલપુર સ્થિત શિવમ વિદ્યાલયમાં ટ્રસ્ટી શંકરલાલ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ નવરાત્રિ પર્વની ઉજવણી કરાઈ હતી. ધોરણ 1થી 12ના વિદ્યાર્થીઓએ પરંપરાગત વેશભૂષામાં શિક્ષકો સાથે ગરબે ઘૂમી ઉત્સવનો આનંદ માણ્યો હતો. પ્રસંગે દીપકભાઈ અમીન અને શિલ્પાબેન અમીન ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે ખેલૈયાઓને પ્રોત્સાહિત કરી લહાણીનું વિતરણ કર્યું હતું. શાળાએ નાનાં બાળકોને ફળો પણ આપ્યાં હતાં. કાર્યક્રમના આયોજનમાં આચાર્ય મુકેશભાઈ પટેલ, કલ્પનાબેન અને પ્રભુદાસ રોહિતે સહયોગ આપ્યો હતો. અંતે ટ્રસ્ટી વસંતીબેન પંડ્યાએ આભાર વ્યક્ત કર્યો હતો.

## ગરબાના તાલ સાથે કેન્સર પીડિતોની સેવાનો સંકલ્પ





**ફાલ્ગુનીબેન** ભેંસાણિયા અને ધ્વનિ ભેંસાણિયાના સૂર સાથે ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવી

(પ્રતિનિધિ) વડોદરા તા.18

શક્તિની આરાધના અને લોકસંસ્કૃતિના પર્વ નવરાત્રિને માનવસેવા સાથે જોડીને શ્રી ખોડલધામ ટ્રસ્ટ, કાગવડ દ્વારા અનોખી પહેલ કરવામાં આવી છે. રાજકોટ નજીક અમરેલી ગામે નિર્માણ પામી રહેલી 250 બેડની અદ્યતન કેન્સર હોસ્પિટલ માટે ગુજરાતમાં આશરે 40 સ્થળોએ નવરાત્રિ ગરબા મહોત્સવ યોજાઈ રહ્યા છે. આ મહોત્સવની આવક હોસ્પિટલના નિર્માણકાર્યમાં વપરાશે. વડોદરાના છાણી સ્થિત સપ્તપદી પાર્ટી પ્લોટ ખાતે યોજાયેલા મહોત્સવમાં ધ્વનિ ગ્રુપનાં ગાયિકા ફાલ્ગુનીબેન ભેંસાણિયા અને ધ્વનિ ભેંસાણિયાના મધુર સ્વરોએ ખેલૈયાઓને ગરબે ઘૂમવા પ્રેર્યા હતા. શ્રી ખોડલધામ મધ્ય ગુજરાત ઝોનના કન્વીનર કુમુદભાઈ અકબરીએ જણાવ્યું હતું કે, હોસ્પિટલનું નિર્માણ રૂ. 250 કરોડના ખર્ચે ત્રણ તબક્કામાં પૂર્ણ કરાશે. પ્રથમ તબક્કામાં 250 બેડની હોસ્પિટલ કાર્યરત થશે. વડોદરામાં સતત દસ વર્ષથી યોજાતા આ મહોત્સવમાં છાત્રાલયમાં રહેતી દીકરીઓને બસની સુવિધા સાથે નિઃશુલ્ક ગરબા રમવાની તક પણ આપવામાં આવે છે. આમ, ભક્તિ, મહિલા સશક્તિકરણ અને માનવસેવાનો ત્રિવેણી સંગમ સર્જાયો છે.

## નવલખી VNF ગરબામાં ખુરશી પર બેસવા માટે છૂટા હાથની મારામારી

**મહિલાઓ** પણ ઘર્ષણમાં સામેલ, યુવક નીચે પટકાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.17

શહેરમાં ચાલી રહેલા ગરબા મહોત્સવ દરમિયાન વિવાદો યથાવત રહ્યા છે. ગઈકાલે મોડી રાત્રે નવલખી ગ્રાઉન્ડ ખાતે ચાલી રહેલા VNF ગરબા ગ્રાઉન્ડમાં ખાલી ખુરશી પર બેસવા બાબતે બે જૂથો વચ્ચે છૂટા હાથની મારામારી થતા ભારે અફરાતફરી મચી ગઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, સિલ્વર સીટિંગ એરિયામાં એક ખાલી ખુરશી પડી હતી, જેના પર એક ગરબા રસિક બેસવા જતા બીજા વ્યક્તિએ વાંધો ઉઠાવ્યો હતો. જોતજોતામાં બંને વચ્ચે બોલાચાલી બાદ ઝપાઝપી શરૂ થઈ ગઈ હતી. બબાલ વધતા બંને પક્ષની મહિલાઓ પણ ઘર્ષણમાં સામેલ થઈ ગઈ હતી અને એકબીજા પર તૂટી પડી હતી. ધક્કામુક્કી દરમિયાન એક યુવક નીચે પટકાયો હતો. ઘટનાને પગલે આસપાસના ખેલૈયાઓમાં ભારે કુતૂહલ સર્જાયું હતું અને ગરબા થોડીવાર માટે અટકી ગયા હતા. ઘટના સ્થળે હાજર એક સૂત્રએ જણાવ્યું હતું કે, બબાલ કરનાર એક યુવક નશાની



હાલતમાં હોવાની શંકા છે. આયોજકો દ્વારા તાત્કાલિક દરમિયાનગીરી કરી મામલો થાળે પાડવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, નવરાત્રિ દરમિયાન ગરબા ગ્રાઉન્ડમાં આવી મારામારીની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે, ત્યારે આયોજકો દ્વારા કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## તરસાલી ગોલ્ડ સિટીના A-૪ નંબરના મકાનમાં ત્રાટક્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 18

શહેરમાં નવરાત્રિ મહોત્સવની ધૂમ વચ્ચે તસ્કરો સક્રિય બન્યા છે. કપુરાઈ પોલીસ સ્ટેશનની હદમાં તરસાલી સ્થિત ગોલ્ડ સિટી સોસાયટીના A-4 નંબરના મકાનમાં મધરાત્રે બે નકાબપોશ તસ્કરો ત્રાટક્યા હતા.

માથા પર ટોપી અને મોઢા પર રૂમાલ બાંધી આવેલા બંને શખસોની હરકત સોસાયટીના CCTV કેમેરામાં કેદ થઈ હતી. નવરાત્રિ દરમિયાન પરિવારો ગરબા જોવા બહાર જતા હોવાનો લાભ લઈને બંધ મકાનોને નિશાન બનાવવામાં આવતાં હોવાની આશંકા સ્થાનિકોએ વ્યક્ત કરી છે. તસ્કરોની અવરજવરને પગલે સોસાયટીમાં રહેતા પરિવારોમાં અસલામતીની લાગણી વધી છે. ઘટનાને પગલે સોસાયટીના રહીશોમાં ચિંતા ફેલાઈ છે. સ્થાનિકોએ રાત્રિના સમયે પોલીસ પેટ્રોલિંગ સઘન બનાવવાની માગ કરી છે. નવરાત્રિ દરમિયાન સુરક્ષા વ્યવસ્થા અને રાત્રિ પેટ્રોલિંગ સામે પણ સવાલો ઊઠ્યા છે.

## કરજણ ને.હા. ૪૮ પર કેમિકલ ઢોળાતા ૨૫થી બાઈક સ્લિપ ખાઈ

**બે કલાક** સુધી તંત્ર ન ફક્ત ફરક્યું કે ન કોઈ વ્યવસ્થા કરી, સ્થાનિકોએ જાતે જ મોર્ચો સંભાળ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.18

કરજણ નેશનલ હાઈવે નંબર 48 ઉપર વડોદરાથી ભરૂચ તરફ જતા ટ્રેક પર અચાનક ચીકણું કેમિકલ ઢોળાઈ જવાની ગંભીર ઘટના સામે આવી છે. આ કેમિકલના કારણે કંડારી બ્રિજ તેમજ કરજણ રેલવે ઓવર બ્રિજ પાસે એક કિલોમીટર સુધીનો રોડ અત્યંત સ્લિપરી બની ગયો હતો, જેના પરિણામે ૨૫થી વધુ બાઈક ચાલકો અકસ્માતનો ભોગ બન્યા હતા. રોડ પર ફેલાયેલા આ ચીકણા પદાર્થને કારણે વાહન ચાલકોના વાહનો સ્લિપ થઈ જતાં અનેક લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.

ઘટના બન્યા બાદ બે કલાક જેટલો લાંબો સમય વીતી જવા છતાં નેશનલ હાઈવે ઓથોરિટી કે પોલીસ તંત્ર સમયસર ઘટનાસ્થળે ન પહોંચતા



સ્થાનિક નાગરિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. તંત્રની લાપરવાહીને કારણે કોઈ મોટો ભોગ ન બને તે માટે જાગૃત સ્થાનિક નાગરિકો સ્વયંભૂ રોડ પર રક્ષક બનીને ઊભા રહ્યા હતા. સ્થાનિક લોકોએ રોડ પર ઊભા રહીને અન્ય વાહન ચાલકોને આગળ કેમિકલ પડ્યું હોવાની અને વાહનો ધીમે ચલાવવાની ચેતવણી આપી હતી જેથી અન્ય કોઈ અકસ્માત ન સર્જાય. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર, રોડ પર લિક્વિડ ફેલાવાને કારણે બાઈકો સ્લિપ થઈને પલટી મારી રહી હતી અને અત્યાર સુધીમાં અંદાજે ૮૦ થી ૯૦ જેટલી બાઈકો સ્લિપ થઈ ચૂકી છે. ઈજાગ્રસ્ત થયેલા નાગરિકોને હોસ્પિટલ પહોંચાડવા માટે ઘટનાસ્થળેથી એમ્બ્યુ લ ન્સ દ્વારા દર્દીઓને રિફર કરવામાં આવ્યા હતા.

## ગરમીનો પારો વધી ૩૭.૪ ડિગ્રીઃ વરસાદની શક્યતા નહીં

(પ્રતિનિધિ) વડોદરા, તા. 18

અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં હવામાનની સિસ્ટમ સક્રિય થતાં ગુજરાતના વાતાવરણમાં ફેરફારની શક્યતા છે. જોકે, હવામાન વિભાગની આગાહી મુજબ વડોદરા સહિત મધ્ય ગુજરાતમાં વરસાદની ખાસ શક્યતા નથી અને વાતાવરણ મુખ્યત્વે સૂકું રહેશે.

વડોદરામાં મહત્તમ તાપમાન 37.4 ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતાં 1.2 ડિગ્રી વધુ છે. લઘુત્તમ તાપમાન 24.4 ડિગ્રી રહ્યું હતું. છેલ્લા 24 કલાકમાં વરસાદ નોંધાયો નથી.

આગામી 18થી 22 ઓક્ટોબર દરમિયાન આકાશ વાદળછાયું રહેવાની શક્યતા છે, જ્યારે 23 અને 24 ઓક્ટોબરે આકાશ મુખ્યત્વે ચોખ્ખું રહેશે. મહત્તમ તાપમાન 36થી 37 ડિગ્રી અને લઘુત્તમ 22થી 25 ડિગ્રી વચ્ચે રહેવાની સંભાવના છે. આગામી સાત દિવસ માટે કોઈ ચેતવણી જાહેર કરાઈ નથી. જોકે, ઊંચા તાપમાનને કારણે બપોરે ગરમી અને બફારો અનુભવાશે.

## MSME ક્ષેત્રને સશક્ત બનાવવા VCCI અને વડોદરા સ્ટાર્ટઅપ હબ દ્વારા સત્રનું આયોજન



(પ્રતિનિધિ) વડોદરા, 18

વડોદરા ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (VCCI) અને વડોદરા સ્ટાર્ટઅપ હબ દ્વારા પારુલ ઈનોવેશન એન્ડ એન્ટરપ્રેન્યોરશિપ રિસર્ચ સેન્ટર (PIERC)ના સહયોગથી VCCI કોન્ફરન્સ હોલ ખાતે સ્ટાર્ટઅપ્સમાં રોકાણની તકો અંગે માર્ગદર્શન સત્ર યોજાયું હતું.

'પરંપરાગત રોકાણથી આગળ: સંભાવનાસભર સ્ટાર્ટઅપ્સની ઓળખ અને તેમાં રોકાણ' વિષય પર યોજાયેલા સત્રનું સંચાલન PIERCના ડેપ્યુટી ડિરેક્ટર હાર્દિક ખારવાએ કર્યું હતું. તેમણે સ્ટાર્ટઅપ્સની વિકાસક્ષમતા, રોકાણની વિવિધ તકો અને બદલાતા સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

VCCIના પ્રમુખ હિમાંશુ પટેલે વક્તાનું સ્વાગત કરી સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME)માં ઊભરતી વ્યાપારી તકો અંગે જાગૃતિના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.

સત્રમાં ઉદ્યોગપતિઓ, MSME પ્રતિનિધિઓ અને વ્યવસાયિક ક્ષેત્રના લોકોએ ભાગ લીધો હતો. ચર્ચા દરમિયાન સ્ટાર્ટઅપ્સ નવીનતા, ટેક્નોલોજી અને ઔદ્યોગિક વિકાસમાં કેવી રીતે યોગદાન આપી શકે તે અંગે માહિતી અપાઈ હતી.

VCCIનો હેતુ પરંપરાગત ઉદ્યોગો અને સ્ટાર્ટઅપ્સ વચ્ચે સહયોગ વધારી ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાનો છે. કાર્યક્રમના અંતે હાઈ-ટી અને નેટવર્કિંગનું આયોજન કરાયું હતું, જેમાં સહભાગીઓએ વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું.

## 'MRF મોગ્રિપ-FMSCI નેશનલ સુપરક્રોસ ચેમ્પિ.નો ચોથો રોમાંચક રાઉન્ડ સંપન્ન




(પ્રતિનિધિ) વડોદરા તા.18

એમઆરએફ મોગ્રિપ-એફએમએસસીઆઈ નેશનલ સુપરક્રોસ ચેમ્પિયનશિપ 2026નો ચોથો રાઉન્ડ વડોદરામાં ઉત્સાહભેર યોજાયો હતો. ગોડસ્પીડ રેસિંગ દ્વારા આયોજિત સ્પર્ધામાં દેશભરના 120થી વધુ રાઈડર્સે ભાગ લીધો હતો.

800 મીટરના ટેકનિકલ ટ્રેક પર 15 ડબલ જમ્પ્સ, બે ટેબલ ટોપ્સ અને વિવિધ અવરોધો વચ્ચે રાઈડર્સે પોતાની ઝડપ, સંતુલન અને કુશળતાનું પ્રદર્શન કર્યું હતું. નવ કેટેગરીમાં યોજાયેલી સ્પર્ધામાં એસએક્સ1 ફોરેન ઓપન, જુનિયર અને ગુજરાતના સ્થાનિક રાઈડર્સ માટેનો લોકલ્સ ક્લાસ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. લોકલ્સ ક્લાસમાં 15 જેટલા રાઈડર્સે ભાગ લીધો હતો. સાત વખતના નેશનલ ચેમ્પિયન શ્યામ કોઠારીના નેતૃત્વમાં યોજાયેલી આ ચેમ્પિયનશિપની 24મી આવૃત્તિમાં એમઆરએફ ટાયર્સ લિમિટેડ ટાઈટલ સ્પોન્સર રહ્યું હતું. શ્યામ કોઠારીએ વડોદરાના ઉત્સાહી દર્શકો અને સ્થાનિક રાઈડર્સની પ્રશંસા કરી હતી.

## વડોદરાના ૯ વર્ષના જેનિલ પરમારે ચેસમાં બે ગોલ્ડ મેડલ જીત્યા

**મલેશિયામાં** યોજાયેલી પ્રથમ કોમનવેલ્થ સ્કૂલ્સ ચેસ ચેમ્પિયનશિપમાં ભારતને અપાવ્યું ગૌરવ

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરાના નવ વર્ષીય એરેના ફિડે માસ્ટર (AFM) જેનિલ પરમારે આંતરરાષ્ટ્રીય ચેસ સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કરીને ભારતનું ગૌરવ વધાર્યું છે. મલેશિયાના કુઆલાલમ્પુર ખાતે યોજાયેલી પ્રથમ કોમનવેલ્થ સ્કૂલ્સ ચેસ ચેમ્પિયનશિપ-2026માં જેનિલે અન્ડર-9 ઓપન કેટેગરીમાં બે ગોલ્ડ મેડલ જીતવાની સિદ્ધિ મેળવી છે.

જેનિલના માતા છાયા પરમારે આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, વર્ષ 2017માં જન્મેલા જેનિલે સ્પર્ધાના અન્ડર-9 ઓપન બ્લિટ્ઝ વ્યક્તિગત વિભાગમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. આ ઉપરાંત, ટીમ ઈન્ડિયાના અન્ડર-9 ઓપન વિભાગને ટીમ ગોલ્ડ મેડલ અપાવવામાં પણ તેણે મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

નાની ઉંમરે આંતરરાષ્ટ્રીય સ્તરે આ સિદ્ધિ મેળવીને જેનિલે પોતાની ચેસ પ્રતિભા, મહેનત




અને રમત પ્રત્યેનો જુસ્સો સાબિત કર્યો છે. તેની સફળતાથી વડોદરાના રમતપ્રેમીઓમાં આનંદની લાગણી પ્રસરી છે. જેનિલની આ સિદ્ધિ પાછળ તેના કોચ મૌલિક રાવલના માર્ગદર્શનની સાથે માતા-પિતા અને પરિવારજનોનો પણ મહત્ત્વપૂર્ણ સહયોગ રહ્યો છે. જેનિલની સફળતા અન્ય યુવા ખેલાડીઓ માટે પ્રેરણારૂપ બની છે.